Gujarat Chamber of Commerce & Industry
ગુજરાત વેપારી મહામંડળ ૧૯૪૯ થી કાર્યરત

16456

૨૪ ઓક્ટોબર, ૨૦૨૦

**શ્રી વિજયભાઇ રૂપાણી**
*માનનીય મુખ્યમંત્રીશ્રી*
ગુજરાત રાજય, સ્વર્ણીમ સંકુલ
નવા સચિવાલય
ગાંધીનગર-૩૮૨ ૦૧૦.

Natubhai Patel
President
Hemant N. Shah
Sr. Vice President
K. I. Patel
Vice President
Pathik S. Patwari
Hon. Secretary
V. P. Vaishnav
Hon. Secretary (R)
Sachin K. Patel
Hon. Treasurer

**માનનીય મુખ્યમંત્રીશ્રી,**

**વિષયઃ લગ્ન-મરણ પ્રસંગમાં ૨૦૦ વ્યક્તિઓની છૂટ આપવા બાબત.**

આપની કુશળતા ઇચ્છુ છું !

તા.૧-૧૦-૨૦૨૦ ના રોજ ગૃહ મંત્રાલયના જાહેરનામામાં જણાવ્યા પ્રમાણે સામાજીક, શૈક્ષણિક, રમત-ગમત, મનોરંજન, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ધાર્મિક, રાજકીય સમારોહ તથા Other congregation માટે તા.૧-૯-૨૦૨૦ના જાહેરનામાથી નિયત કરવામાં આવેલ ૧૦૦ વ્યક્તિઓની મર્યાદા તા.૧૫-૧૦-૨૦૨૦ સુધી યથાવત રાખવામાં આવી છે અને ત્યાર પછીની માર્ગદર્શિકાઓ ગૃહ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવશે તેવું જણાવવામાં આવ્યું છે.

આપશ્રી વિદિત છો તેમ લોકડાઉન અને કોરોના મહામારીના કારણે વેપાર-ઉદ્યોગને ખુબજ મંદીનો સામનો કરવો પડયો છે અને આમ પણ ખાસ કરીને લગ્ન-મરણના પ્રસંગો સાથે ખાસ સંકળાયેલ ધંધાઓ જેવા કે કેટેરીગ, મંડપ સર્વિસ, સાઉન્ડ સીસ્ટમ તેમજ અમૂક હોટલ રેસ્ટોરન્ટ જેવા ધંધાઓને ખુબ માઠી અસર પડી છે. વધુમાં આ ધંધાઓ મોટા પ્રમાણમાં રોજગારી આપનાર હોવાથી તેની સાથે જોડાયેલા વ્યક્તિઓને તેમના જીવનનિર્વાહમાં પણ ખુબ મુશ્કેલી પડી રહી છે.

તા.૩૦-૯-૨૦૨૦ ના રોજ કેન્દ્ર સરકારના ગૃહ વિભાગ દ્વારા બહાર પાડેલ માર્ગદર્શિકાઓમાં તા.૧૫-૧૦-૨૦૨૦ પછી સામાજીક, શૈક્ષણિક, રમત-ગમત, મનોરંજન, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ધાર્મિક, રાજકીય સમારોહ તથા Other congregation માટે ૨૦૦ વ્યક્તિઓ સુધીની મર્યાદા કરી શકવાની છૂટ રાજ્ય સરકારોને આપવામાં આવી છે.

તેથી ઉપરોક્ત પ્રવૃત્તિઓ માટે જો તા.૧૫-૧૦-૨૦૨૦ પછીની રાજયના ગૃહ વિભાગની માર્ગદર્શિકામાં લગ્ન-મરણ પ્રસંગમાં ૨૦૦ વ્યક્તિઓ સુધીની છૂટ આપશ્રી દ્વારા જાહેર કરવામાં આવે તો લગ્ન-મરણ જેવા પ્રસંગો સાથે સંકળાયેલ નાના વેપાર-ધંધાઓને ખુબ મોટું પ્રોત્સાહન મળી રહેશે.

આપના સહકારની અપેક્ષા સહ,

**આપનો વિશ્વાસુ,**

**નટુભાઇ પટેલ**
*પ્રમુખ*

Shri Ambica Mills - Gujarat Chamber Building, Ashram Road, Ahmedabad- 380009. INDIA. | +91 - 79 - 2658 2301-2-3-4 | gcci@gujaratchamber.org | www.gujaratchamber.org